#013

🤔 એક પ્રશ્ન પોતાને! ♀

આજે કોઈ મોટી વાત નહીં..
માત્ર એક સાચો પ્રશ્ન પોતાને પૂછીએ.

આજે મેં જે કામ કર્યું,
એ મને આગળ લઈ ગયું?
કે માત્ર વ્યસ્ત રાખ્યો?

હું જે બોલ્યો, એ મારા વર્તન સાથે મેળ ખાતું હતું કે નહીં?

જો આજે ફરી જીવવાનો મોકો મળે,
તો કઈ એક વાત હું અલગ રીતે કરું?

જે બાબતથી હું ભાગતો રહ્યો,
એ હું કાલે સીધી રીતે હાથમાં લઈશ?

આ પ્રશ્નો માટે
કોઈ પુસ્તકની જરૂર નથી,
ના કોઈ ગુરુની.

કોઈ બહાનું નહીં.
કોઈ ખોટી સમજાવટ નહીં.
માત્ર એક નાનું અને સાચું પગલું.

કારણ કે,
જિંદગી બદલાય છે..

મોટા ભાષણોથી નહીં,
પણ દરરોજ પોતાને પૂછેલા

એક ઈમાનદાર પ્રશ્નથી.

પોતાને પૂછેલા પ્રશ્નો જ
સાચો રસ્તો બતાવે છે.